# જન્મદિને વધામણી



નિરાલી ધનંજય જોષી
મો. ૯૯૨૪૫ ૫૮૫૧૧



ભૂપેન્દ્ર ધીરજલાલ શાહ
એડવોકેટ



એમ ડી વાઘેલા
મો. ૯૮૨૫૦ ૦૫૯૧૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

## મગોડીમાં નિજી નિબંધ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૭
શ્રી નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન, મગોડી અંતર્ગત 'નિજી સર્જન' નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

નિબંધલેખન સ્પર્ધામાં ધોરણ-૬થી ૮ના વિભાગમાં માં પ્રવર મનુભાઈ પ્રજાપતિએ પ્રથમ ક્રમના વિજેતાપદ સાથે રૂા. ૫૦૦નું રોકડ ઈનામ અને ધોરણ-૧થી ૫ના વિભાગમાં ઋતુલ પલકેશભાઈ પટેલે દ્વિતિય ક્રમના વિજેતાપદ સાથે રૂા. ૩૦૦નું રોકડ ઈનામ પ્રાપ્ત કર્યું છે. શાળાકીય અભ્યાસની સાથે સાથે ઈતર પ્રવૃત્તિમાં પણ રસ દાખવી નામના પ્રાપ્ત કરનાર તથા શાળા અને ગાંધીનગરનું ગૌરવ વધારનાર વિદ્યાર્થીઓને આચાર્ય નીવાબેન પટેલ તથા સ્ટાફ પરિવારે અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે તેવી શુભકામનાઓ પાઠવી છે.

### ખેલ મહાકુંભ અંતર્ગત
## પ્રજ્ઞાચક્ષુઓ માટેની સ્પર્ધા ૯મીએ સે. ૧૬માં યોજાશે

ગાંધીનગર, તા. ૭
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા જિલ્લા રમતગમત અધિકારીની કચેરી અને એસએબી સંચાલિત અંધશાળા, ગાંધીનગર દ્વારા ખેલ મહાકુંભ-૨૦૧૮ અંતર્ગત જિલ્લાકક્ષાની પ્રજ્ઞાચક્ષુઓ માટેની સ્પર્ધા ૯મી ઓક્ટોબરના રોજ યોજાઈ રહી છે.

આ અંગેની વિગતો આપતાં સર્વિસ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડના પ્રમુખ વિરેન્દ્રભાઈ જોષી, મંત્રી જયંતિભાઈ પટેલ અને જિલ્લા રમતગમત અધિકારી વી બી દત્તાએ જણાવ્યું છે કે ૯મી ઓક્ટોબરે અંધશાળા, સેક્ટર-૧૬ ખાતે સવારે ૯.૦૦ કલાકે આયોજિત આ સ્પર્ધાના ઉદ્ઘાટન સમારોહના અધ્યક્ષ અને ઉદ્ઘાટક તરીકે સહકાર, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા વાહન વ્યવહાર મંત્રી ઈશ્વરસિંહ પટેલ, મુખ્ય અતિથિ તરીકે ટુરિઝમ કમિશનર અને મેનેજિંગ ડિરેક્ટર જેનું દેવન તથા અતિથિ વિશેષ તરીકે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના કમિશનર એસ એ પટેલ ઉપસ્થિત રહેશે.

## ખેલ મહાકુંભ-૨૦૧૮માં એસએસવી કેમ્પસ ઝળક્યું

ગાંધીનગર, તા. ૭
ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૨૦૧૮-૧૯ના અનુસંધાને જે એમ ચૌધરી વિદ્યાલય ખાતે વૉલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં એસએસવી કેમ્પસ, સેક્ટર-૩ બીના વિદ્યાર્થીઓએ અન્ડર-૧૪ વિભાગમાં તાલુકા ઝોન-ડી કક્ષાએ પ્રથમ સ્થાન, અન્ડર-૧૭ વિભાગમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ ઉપરાંત આ કેમ્પસ ખાતે એથ્લેટિક્સ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં એસએસવી કેમ્પસ, સેક્ટર-૩ બીના વિદ્યાર્થીઓએ ૧૦૦ મીટર દોડમાં પ્રથમ સ્થાન તેમજ લાંબીકૂદમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. બાળકોએ ઉત્કૃષ્ટ દેખાવ, પરિણામથી શાળાનું નામ રોશન કર્યું હતું. શાળા પરિવાર વતી ટ્રસ્ટીગણ અને પ્રિન્સિપાલ ડૉ. કે એમ દેસાઈએ વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

### ગુજરાત યુનિવર્સિટી યુથ ફેસ્ટીવલમાં
## ઉમા આર્ટ્સ - નાથીબા કૉમર્સ મહિલા કૉલેજનો દબદબો

ગાંધીનગર, તા. ૭
તાજેતરમાં યોજાયેલ ગુજરાત યુનિવર્સિટી આંતર વિભાગીય યુથ ફેસ્ટીવલ સ્પર્ધાઓમાં ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કૉલેજની વિદ્યાર્થિનીઓએ સ્કીટ સ્પર્ધામાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ તથા માઈમ સ્પર્ધામાં દ્વિતિય ક્રમ પ્રાપ્ત કરી કૉલેજનું ગૌરવ વધાર્યું છે.

કૉલેજનું આ વર્ષે રેડિયો વિષયની સ્કીટનું પરફોર્મન્સ તથા ઝીરો ફિગર વિષયે માઈમનું પરફોર્મન્સ ખૂબ વખણાયું હતું. બંને કૃતિઓનું લેખન-દિગ્દર્શન ડૉ. પ્રણવ જોષીપુરાએ કર્યું હતું

ઉલ્લેખનીય છે કે ગુજરાત યુનિવર્સિટીનો યુવક મહોત્સવ ત્રણ વિભાગોમાં વહેંચાયેલો છે. દરેક વિભાગમાં ચાલીસ જેટલી કૉલેજોનો સમાવેશ થાય છે. એટલે આવી સ્પર્ધામાં વિજેતા થવું એ સ્વાભાવિક રીતે જ કૉલેજ માટે આનંદ તથા ગૌરવની બાબત છે.

વિદ્યાર્થિનીઓને આવી જ્વલંત સિદ્ધિ બદલ કૉલેજનાં આચાર્ય ડૉ. અમૃતાબેન પટેલ, યુથ ફેસ્ટીવલ ઈન-ચાર્જ પ્રા. પાયલબેન પંડ્યા અને કમિટી મેમ્બર ડૉ. કીર્તિકમલ વાઘેલાએ સમગ્ર કૉલેજ પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

## ટ્વીસ્ટ એન્ડ ટર્ન સ્પર્ધામાં એમ બી અંગ્રેજી સ્કૂલ વિજયી

ગાંધીનગર, તા. ૭
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ અંગ્રેજી માધ્યમ સ્કૂલના વિદ્યાર્થીઓએ ટ્વીસ્ટ એન્ડ ટર્ન સ્પર્ધામાં દ્વિતિય અને તૃતિય સ્થાનનું વિજેતાપદ પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે.

મંડળ સંચાલિત લલિતકલા એકેડેમી દ્વારા આયોજિત આ સ્પર્ધાનું આયોજન ખીમજી વિસરામ હૉલ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં મંડળ સંચાલિત સ્કૂલ્સના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે આયોજિત સમારોહનું અધ્યક્ષસ્થાન કેમ્પસ ડિરેક્ટર ડૉ. સોમભાઈ પટેલે શોભાવ્યું હતું.

એમ બી પટેલ અંગ્રેજી સ્કૂલના વિદ્યાર્થી અરસ્વાન દિવાને દ્વિતિય અને આયુષ અશોકભાઈ કુમાવતે તૃતિય વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું. શિક્ષક નરેન્દ્રભાઈ પટેલ તથા આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને સમગ્ર શાળા પરિવાર વતી આ સ્પર્ધામાં ભાગ લેનારા તથા વિજેતા થનારા વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજની વોલીબોલ ટીમ મહાનગર ખેલ મહાકુંભમાં રનર-અપ બની



અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજની વોલીબોલની ટીમ ગાંધીનગર મહાનગરની ખેલ મહાકુંભ સ્પર્ધામાં રનર-અપ બની છે. આ ટીમમાં ખેલાડી તરીકે પ્રિયંકા પરમાર, ક્રિષ્ણા પટેલ, અર્પિતા રાઠોડ, ઝારણ ખૂંટ, મૈત્રી પટેલ, અંજલી પટેલ, જાહ્નવી રામજીયાની, અવની ભુવા, રીના ડાયાણી, બંસી પટેલ, હેતલ પંડ્યા, ભૂમિકા પરમાર સામેલ હતાં. સમગ્ર કૉલેજ પરિવાર વતી આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝા અને ફિઝીકલ એજ્યુકેશનના પ્રૉફેસર ડૉ. રણછોડ રથવીએ બિરદાવી અભિનંદન અને રાજ્યકક્ષાની સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવી હતી.

## સત્સંગ શિક્ષણની પરીક્ષામાં અક્ષરધામની જ્વલંત સિદ્ધિ

ગાંધીનગર, તા. ૭
બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા સ્થપાયેલું અક્ષરધામ ગાંધીનગર શહેરનું નવલું નજરાણું છે. તેણે ગાંધીનગર શહેરની વિશિષ્ટ ઓળખ ઊભી કરી છે. બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા સામાજિક-ધાર્મિક સંસ્થા છે. અક્ષરધામ હરિમંદિર ખાતે દર રવિવારે સાંજે સત્સંગ સભા યોજાય છે અને ખૂબ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ હરિભક્તો આ સભાનો લાભ લે છે.

આ સત્સંગ સભામાં આવતા હરિભક્તો સત્સંગની સાચી સમજ કેળવે, આપણી વૈદિક પરંપરા અને સંસ્કૃતિનાં મૂલ્યો જીવનમાં આત્મસાત કરે એ હેતુથી સંસ્થા દ્વારા દર વર્ષે સત્સંગ શિક્ષણ પરીક્ષા યોજવામાં આવે છે. આ પરીક્ષા પ્રારંભથી માંડીને પ્રાજ્ઞ-૩ સુધી કુલ ૭ વર્ષની હોય છે. જેમાં સત્સંગના પાયાના જ્ઞાનથી શરૂ કરીને પીએચડી કક્ષા સુધીના તત્ત્વજ્ઞાનનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પરીક્ષાઓની શરૂઆત બ્રહ્મલીન પૂ. પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક ગુરુ પૂ. યોગીજી મહારાજે ઈસ ૧૯૭૨માં કરી હતી. સમગ્ર ભારત અને વિશ્વના અનેક દેશોમાં વસતા સંપ્રદાયના અનુયાયીઓ હજારોની સંખ્યામાં આ પરીક્ષા આપે છે. લગભગ પાંચ લાખથી વધુ લોકોએ આ પરીક્ષા આપી અક્ષરપુરુષોત્તમ જ્ઞાન જીવમાં દૃઢ કર્યું છે.

આ વર્ષે સંસ્થા દ્વારા લેવામાં આવેલી સત્સંગ શિક્ષણ પરીક્ષા ગાંધીનગર અક્ષરધામ કેન્દ્ર ઉપરથી ૪૮૦ પરીક્ષાર્થીઓએ આપી હતી અને ૯ જેટલા મેડલ પ્રાપ્ત કર્યા હતા. ઉપરાંત કાર્યકરોએ પણ બે મેડલ પ્રાપ્ત કર્યા હતા. ઉપરાંત પરિણામની દૃષ્ટિએ સમગ્ર ભારતમાં ગાંધીનગર અક્ષરધામ પરીક્ષાકેન્દ્રનો પ્રથમ ક્રમાંક આવ્યો છે. પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે ગાંધીનગરનાં જ પેટાકેન્દ્રોને સ્થાન મળ્યું છે. અક્ષરધામ પરીક્ષા કેન્દ્રના સંચાલક અરવિંદભાઈ વાઘરોડિયા છે, જેઓ છેલ્લા સોળ વર્ષથી પરીક્ષા નિરીક્ષક તરીકે પોતાની સેવાઓ આપી રહ્યા છે. ગાંધીનગર કેન્દ્રની જ્વલંત સિદ્ધિથી સંસ્થાના વડા પૂ. મહંત સ્વામીએ રાજી થઈ અરવિંદભાઈને આશીર્વાદ પાઠવ્યા છે. હરિમંદિર ખાતે તમામ પરીક્ષાર્થીઓ માટે ઈનામ વિતરણ સમારોહ પણ યોજવામાં આવ્યો હતો, જેમાં અક્ષરધામના મહંત પૂ. આનંદ સ્વરૂપ સ્વામીએ આ સિદ્ધિ બદલ અરવિંદભાઈને શિલ્ડ એનાયત કરી આશીર્વાદ પાઠવ્યા હતા. ગાંધીનગર શહેર સત્સંગ પ્રવૃત્તિ નિર્દેશક અશ્વિનભાઈએ તમામ પરીક્ષાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી, સંત નિર્દેશક પૂ. હરિતિલક સ્વામીએ તમામને અભિનંદન પાઠવ્યા હતા.

## આર એન પટેલ સ્કૂલના વિદ્યાર્થી ઈન્દ્રોડા પાર્કની અભ્યાસ મુલાકાતે



ગાંધીનગર, તા. ૭
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલના ધોરણ-૪ના ૧૬૫ વિદ્યાર્થીઓએ અભ્યાસના ભાગરૂપે ઈન્દ્રોડા પાર્કની મુલાકાત લીધી હતી. કુસુમબેન દ્વારા પર્યાવરણ સ્વચ્છતા, પક્ષી અને પ્રાણીઓની જાળવણી વિશેનું માર્ગદર્શન આ વિદ્યાર્થીઓને પાર્કમાં આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ડાયનાસોર અને જીવાવશેષ ઉદ્યાન પણ કુતૂહલતાપૂર્વક નિહાળ્યું હતું અને રંગબેરંગી પક્ષીઓ જોઈને રોમાંચ અનુભવ્યો હતો.

આ મુલાકાતથી વિદ્યાર્થીઓને પ્રકૃતિ પ્રેમ અને પર્યાવરણની જાળવણી તથા સ્વચ્છતાના પાઠ ભણવા મળ્યા હતા. આ મુલાકાતમાં વિદ્યાર્થીઓ સાથે શિક્ષક અર્ચનાબેન પટેલ, કે કે પટેલ, ચેતનભાઈ પંચાલ, કલ્પનાબેન પટેલ પણ જોડાયાં હતાં.

## 'ભારત કો જાનો' સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલય અવ્વલ

ગાંધીનગર, તા. ૭
ભારત વિકાસ પરિષદ, ગાંધીનગર દ્વારા આયોજિત 'ભારત કો જાનો' સ્પર્ધામાં ભાગ લઈ પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ વિજેતાપદ હાંસલ કર્યું છે.

આ સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલયના પ્રાથમિક તથા માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રશ્નમંચની પદ્ધતિ અનુસાર સેમી ફાઈનલ સ્પર્ધા માટે ૧થી ૩ રાઉન્ડ યોજવામાં આવ્યા હતા. ત્યારબાદ ફાઈનલ સ્પર્ધા માટે ૭ રાઉન્ડ યોજવામાં આવ્યા હતા, જે પૈકી પાંચ રાઉન્ડ પ્રોજેક્ટરથી યોજવામાં આવ્યો હતો, છઠ્ઠો રાઉન્ડ ચાર ચાવી પદ્ધતિ તથા સાતમો રાઉન્ડ બઝર રાઉન્ડ તરીકે યોજવામાં આવ્યો હતો.

શાળાના પ્રાથમિક વિભાગના ધોરણ-૬ના વિદ્યાર્થી રિષભ કૌશિકકુમાર રાવલ અને સિદ્ધિ સંદિપકુમાર ચૌધરીએ આ સ્પર્ધામાં વિજેતા બની પ્રાંતિય કક્ષાની આ સ્પર્ધા માટે પોતાની ઉમેદવારી નિશ્ચિત કરી હતી.

સ્પર્ધામાં ભાગ લેનારા તથા વિજેતા નીવડનારા સૌ વિદ્યાર્થીઓને શાળા પરિવાર વતી ટ્રસ્ટી નરેશભાઈ શાહ, આર એમ પટેલ અને આચાર્ય મનીષભાઈ ખત્રી દ્વારા બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## આર જી - એસ બી પટેલ કન્યા શાળા દ્વારા સ્વચ્છતા પખવાડિયાનું આયોજન કરાયું




ગાંધીનગર, તા. ૭
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સેક્ટર-૨૩ ખાતે સ્વચ્છતા પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉપક્રમ અંતર્ગત સ્વયંસેવિકાઓ દ્વારા સ્વચ્છતા અભિયાન અને બુલેટીન બોર્ડ ઉપર સ્વચ્છતાનાં સૂત્રો લખવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત શાળાના મેદાન, સ્ટાફરૂમ, વર્ગખંડો, ઓફિસની સફાઈ કરવામાં આવી હતી તથા સ્વચ્છતા અભિયાન હેતુ રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. લોક સંપર્ક કરી સ્વચ્છતા માટે શું કરી શકાય તે અંગેની માહિતીનો પ્રસાર પણ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં એનએસએસ વિભાગની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. શાળાનાં આચાર્ય સુધાબેન પટેલ તથા સુપરવાઈઝર અને શાળાને સ્ટાફે આ કાર્યમાં સાથ અને સહકાર આપ્યો હતો. સમગ્ર સંચાલન એનએસએસ વિભાગના કન્વીનર રમેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## કલકત્તા અધિવેશન તીવ્ર ચળવળનો પાયો

૧૯૨૭માં બ્રિટીશ સરકારે સર જ્હોન સિમોનના અધ્યક્ષપદે બંધારણીય સુધારા માટે એક કમીશનની રચના કરી જેમણે ભારતીયોને તમામ દરજ્જાઓથી વંચિત કરી દીધા. આના પરીણામે ભારતની તમામ રાજકીય પાર્ટીઓએ કમીશનનો બહિષ્કાર કર્યો. ગાંધીએ પણ ૧૯૨૮માં કલકત્તા (હાલનું કોલકાતા)માં કોંગ્રેસ દ્વારા ઠરાવ પસાર કર્યો જેમાં ભારતને રાજકીય મોભો અને ભારતીયોને તમામ બંધારણીય હક આપવાની અથવા અહિંસક આંદોલન માટે તૈયાર રહેવાની ચીમકી પણ આપી. તેમણે એ પણ જાહેરાત કરી દીધી કે જો એકવાર આંદોલન ચાલુ થશે તો તેઓ સંપૂર્ણ સ્વતંત્રતાથી ઓછું ભારતને કાંઇ નહીં ખપે. સરકાર જ્યારે ન ઝુકી તો ગાંધીએ ૧૯૩૦માં દાંડી સત્યાગ્રહમાં પોતાના શબ્દો સાચા કરી બતાવ્યા.




તેમણે સરકારે મીઠા પર લગાવેલા કરના વિરોધમાં દાંડી કૂચની જાહેરાત કરી. આ કાર્યક્રમ મુજબ ૨૧ માર્ચે સાબરમતીથી કૂચ આરંભીને ૬ એપ્રિલ ૧૯૩૦ના રોજ ગાંધી દાંડી પહોંચ્યા. ગાંધીની દાંડીકુચ એક જગવિખ્યાત ઐતિહાસિક ઘટના બની ગઈ. ૪૦૦ કિ.મી. ના આ પ્રવાસમાં માનવ મહેરામણ બની ગયો. ગાંધીએ બ્રિટીશ અવજ્ઞાના પ્રતીકરૂપે કોઇ કર ભર્યા વગર દાંડીમાંથી જાહેરમાં એક મુઠી નમક લીધું. ગાંધીએ આને સવિનય કાનુનભંગ નામ આપ્યું. દાંડી સત્યાગ્રહ ભારતીય ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે મુદ્રિત થઇ ગયો. આ આંદોલનમાં ૬૦,૦૦૦ ભારતીયોને જેલમાં ધકેલી દેવામાં આવ્યા. ભારતનો ખૂણેખૂણો મા ભોમની બંધન મુક્તિ માટે હિલોળે ચડ્યો. સરકારને વાટાઘાટો કરવાની ફરજ પડી. બ્રિટીશ સરકારના પ્રતિનિધી તરીકે લૉર્ડ ઈરવીને ગાંધી સાથે મંત્રણા આદરી અને બંને પક્ષે સમાધાનરૂપે માર્ચ ૧૯૩૧મા ગાંધી-ઈરવીન કરાર કરવામાં આવ્યો. કરારમાં નક્કી કરવામાં આવ્યું કે બ્રિટીશ સરકાર તમામ રાજકીય કેદીઓને જેલમાંથી છોડી દે અને બદલામાં ગાંધી અસહકારની લડત મ્યાન કરી દે. વધુમાં ગાંધીને લંડનમાં ગોળમેજી પરિષદમાં ભા. રા. કો. ના એકમાત્ર પ્રતિનિધિ તરીકે ભાગ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું. પરિષદમાં ભારતીયોને અને ખાસ તો ગાંધીને નિરાશા સિવાય કશું જ ન



મળ્યું, કારણકે ભારતને સ્વતંત્રતા આપવાના મુદ્દાને બદલે અંગ્રેજોએ ભારતની લઘુમતીના મુદ્દાને ખૂબ ચગાવ્યો. અંગ્રેજો દ્વારા ભાગલાની નીતિની શરૂઆત આ પરિષદ થી જ સૌથી મહત્વની સફળ સાબિત થઈ. લૉર્ડ ઈરવીનના અનુગામી લૉર્ડ વિલિંગટને ભારતીય રાષ્ટ્રવાદીઓ સામે નવેસરથી અભિયાન આદર્યું. ગાંધીની ફરીવાર ધરપકડ કરવામાં આવી. આ દરમ્યાન ગાંધીને એકલા પાડી દઈ તેમના જનતા ઉપરના પ્રભાવને નષ્ટ કરી દેવા ગાંધીનો તેમના અનુયાયીઓ સાથેનો સંપર્ક સંપૂર્ણ રીતે કાપી નાખવામાં આવ્યો. જો કે, સરકારની આ ચાલ સફળ ન થઈ કારણકે આ દરમ્યાન સરદાર વલ્લભભાઈ પટેલે આંદોલનું નેતૃત્વ પોતાના હાથમાં લઈને આંદોલનકારીઓ ના જોમ અને જુસ્સાને જ્વલંત રાખ્યો. જ્યારે સરકારે મતાધિકારના મુદ્દે નવા બંધારણમાં અછૂતોને અન્ય ઊચ્ચવર્ણથી જુદા ગણ્યા ત્યારે ગાંધીજીએ ૧૯૩૨માં સપ્ટેમ્બર માસમાં પોતાના ઊપવાસના શસ્ત્ર દ્વારા સરકારને સૌને સમાન મતાધિકાર આપવા ફરજ પાડી. (જો કે, મિસાઈલથી પણ વધુ ખતરનાક આ શસ્ત્રનું અંગ્રેજો સામે સફળ પરીક્ષણ કરતી વખતે ગાંધીને ખબર નહોતી કે ભવિષ્યમાં સ્વતંત્ર ભારતમાં આ શસ્ત્રનો ખૂબ દૂરુપયોગ થશે.) અછૂતોનું જીવન સુધારવાના રસ્તે ગાંધીનું આ પ્રથમ પગલું હતું. માનો કે, ગાંધીજીએ દલિતોના સમાન સામાજિક અધિકારો માટે એક મહાઅભિયાનનો પાયો નાંખ્યો. તેમણે હિન્દુ સંસ્કૃતિની વર્ણ વ્યવસ્થામા શુદ્ર (તુચ્છ) તરીકે ઓળખાતા વર્ગ માટે હરીજન શબ્દ પ્રયોજ્યો. ૮મી મે ૧૯૩૩ના દિવસે ગાંધીએ અંગ્રેજો દ્વારા ભારતીયો પરના દમનના વિરોધમાં ૨૧ દિવસના ઉપવાસ કર્યા. ૧૯૩૪માં ગાંધીનો જાન લેવા ત્રણ હુમલાઓ પણ થયા, પણ આ બધું ગાંધીને જાણે નવો જુસ્સો પુરું પાડતું હોય તેમ ગાંધીનું આંદોલન વધુ ને વધુ જોર પકડતું ગયું. બીજી તરફ ગાંધીને લાગવા માંડ્યું કે કોંગ્રેસીઓની નજરમાં અહિંસા અને ઉપવાસની કિંમત દુશ્મનના ગળે મુકીને ધાર્યું કરાવવાના અમોઘ શસ્ત્રથી વિશેષ કાંઇ નહોતી, જ્યારે ગાંધી માટે તો તે જીવન જીવવાનો એક માર્ગ હતો. અહિંસા માટે કોંગ્રેસીઓના વિચારોથી ગાંધીને ખૂબ દુઃખ થયું અને તેમણે કોંગ્રેસને રામ રામ કરી દીધું. તેમના ઉત્તરાધિકારી તરીકે જવાહરલાલ નહેરૂ કોંગ્રેસ પક્ષના પ્રમુખ બન્યા. સ્વતંત્રતા મેળવવા ભારતને કયો રસ્તો અપનાવવો જોઈએ તે બાબતે ગાંધી અને અન્ય કોંગ્રેસીઓ વચ્ચેના મતભેદો જગ જાહેર હતા. જાણે ભારતનું ભાવિ સરદાર અને નહેરૂ વચ્ચે જયારે સુકાની પદ માટે પસંદગી કરવાની આવી ત્યારે વિધાતાએ જાણે ફરજ પાડી કે ગાંધીજી નહેરૂને પસંદ કરે. ગાંધીજીની આ પસંદગી કેટલી યોગ્ય હતી તે ચર્ચા યાવત્ચંદ્રદિવાકરો ચાલતી રહેશે. આજે પણ ઘણા લોકો તેમની ટીકા કરતાં કહે છે કે ગાંધીએ અઝાદી તો અપાવી તે માટે ભવિષ્યનો દરેક ભારતીય તેમનો ઋણી રહેશે પણ તે ઋણ ચુકવવાની તક દરેક ને મળે તે માટે વિધાતાએ ગાંધી પાસે આવો નિર્ણય કરાવ્યો હશે. ગાંધીએ કોંગ્રેસમાંથી છુટા પડીને ભારતના ગામડે ગામડે જનજાગરણનું કામ હાથમાં લીધું. તેમણે અસ્પૃશ્યતા સામેની તેમની મુહિમ વધુ તેજ બનાવી, ચરખાને ઘરે ઘરે પહોંચાડ્યો અને નવી શિક્ષણનીતિનો પ્રચાર કર્યો. આ દરમ્યાન સેવાગ્રામ ગાંધીજીનું ઘર બની ગયું.